પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦ કંટ્રોલરૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંકઃજી/સીપી/વિ.શા./હથિ.બંધી જાહેરનામું/૯૨૦ /૨૦૨૦,  વડોદરા, તારીખ :-૪ /૧૦/૨૦૨૦

## ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ના ૨૨ના અધિનિયમની કલમ - ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ :-

વડોદરા શહેરની હાલની પરિસ્થિતીને લક્ષમાં લેતાં કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા ખાનગી સુરક્ષા એજન્સીના માણસો પરવાનાવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઈ પરવાનાવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજયોમાંથી આખા ભારતના પરવાના મેળવી વડોદરામાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. પરવાનાવાળા હથિયારોથી કરેલ ગુનાઓમાં કેટલીક ફરિયાદો પણ દાખલ થયેલ છે, જેથી ખાનગી સુરક્ષા એજન્સીના માણસો જાહેર જગ્યામાં પરવાનાવાળા હથિયારો લઈને ફરે નહિ તે પ્રવૃત્તિ અંકુશમાં લેવી જરૂરી જણાય છે.

વાસ્તે, હું હરિકૃષ્ણ પટેલ, I.P.S., ઇન્ચાર્જ.પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ના અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

### -: પ્રતિબંધિત કૃત્યો :-

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર, (અઢી ઇંચથી વધારે લાંબુ છેડેથી અણી વાળુ પાનુ હોય) જેવા ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવાની મનાઈ ફરમાવુ છું.

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવાની, હવામાં ફાયર કરવાની, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યકિતીઓના સમુદાયમાં લઈ જવાની.

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયારી કરવાની.

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવાની.

(૬) વ્યકિતઓના પૂતળા બાળવા/લટકાવવાની/પૂતળાને ફાંસી આપવાની.

(૭) ખાનગી સુરક્ષા એજન્સીના સંચાલક અને કર્મચારી પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યામાં જઈ શકશે નહિ.

(૮) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(૯) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

### -: અમલવારીનો પિરિયડ અને વિસ્તાર :-

આ હુકમનો અમલ તારીખ ૦૬/૧૦/૨૦૨૦ ના કલાક ૦૧:૦૦ થી તારીખ ૨૦/૧૦/૨૦૨૦ ના કલાક ૨૪:૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.



Scanned by CamScanner

-: અપવાદ :-

આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નરશ્રીથી પોલીસ ઇન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એ.૧૩૫(૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય, તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ રોજ તારીખ :- ૩ માહે - ઑક્ટોબર, ૨૦૨૦ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

(હરિકૃષ્ણ પટેલ)
ઇન્ચાર્જ પોલીસ કમિશ્નર
વડોદરા શહેર.

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

જયભારતસહ નકલ રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૬) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલારોડ, અમદાવાદ.
(૭) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૮) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૯) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૧૦) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૨) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૩) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે., વડોદરા.
(૧૫) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૬) મેનેજરશ્રી,સરકારી પ્રેસ, વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૭) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.
(૧૮) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૯) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૦) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

ર/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.



Scanned by CamScanner